આંક–૭

# શ્રી ડી.પી.પુંજાણી, કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નર, મજુર અદાલત, ભરૂચ સમક્ષ

**ડીલે આઈ પરચુરણ અરજી નં–૭/૨૦૨૫**
**ઈન**
**રીકવરી (સી–૨) અરજી નં–૧૯/૨૦૨૧**

**અરજદાર** : ટેકનોફોર્જ લીમીટેડ
પ્લોટ નં–૧૦૧૯, ૧૦૨૧ અને ૧૦૨૨,
જી.આઈ.ડી.સી. અંકલેશ્વર, તા.અંકલેશ્વર, જી. ભરૂચ.

**–:– વિરૂધ્ધ –:–**

**સામાવાળા** : સત્યવાન કુશવાહા
રૂમ નં–૧૭૮૨, આનંદ વિહાર સોસાયટી,
ઓ.એન.જી.સી. કોલોની પાછળ, ગડખોલ પાટીયા,
તા. અંકલેશ્વર, જી. ભરૂચ.
C/o, જી.આઈ.ડી.સી. એમ્પલોઈઝ યુનિયન
એ.એસ./૬, સરદાર પટેલ કોમ્પલેક્ષ,
જી.આઈ.ડી.સી. અંકલેશ્વર,
તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

**હાજર રહ્યા** : અરજદાર તરફે વકીલશ્રી નિલમ આર. વસાવા.
સામાવાળા તરફે પ્રતિનિધિશ્રી ડી. એસ. જોગ.

## –:– હુકમ –:–

(૧) આ કામના અરજદાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૬૬ ના નિયમ–૨૬(એ) મુજબ રીકવરી અરજી નં–૧૯/૨૦૨૧ ના કામે થયેલ હુકમને સેટેસાઈટ કરવા માટેની અરજી દાખલ કરવામાં જે વિલંબ થયેલ છે તે વિલંબ માફ કરવા સદર અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર સંસ્થાએ તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલ છે કે, સામાવાળાએ નામ. કોર્ટમાં રીકવરી (સી–૨) અરજી નં–૧૯/૨૦૨૧ દાખલ કરેલ હતી. જેમાં તા.૧૦–૦૨–૨૫ ના રોજ

હુકમ થયેલ હતો. તેઓની સંસ્થા લિક્વિડેશનમાં હોવાથી આ કેસ સંદર્ભે માહિતગાર અધિકારી તરીકે કોઈ હતું નહીં. તે સંજોગોના લીધે કેસ એકતરફી ચાલી જતાં નામ. અદાલત દ્વારા તા.૧૦–૦૨–૨૫ ના રોજ નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ.

**–:– <u>હુકમ</u> –:–**

(૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૦૮–૨૦૨૧ સુધીના બાકી પગારના રૂ.૪,૧૭,૦૦૦/–(અંકે રૂપીયા ચાર લાખ સત્તર હજાર પુરા) ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૨) અન્વયે સામાવાળા પાસેથી વસુલ મેળવવા હક્કદાર હોવાનું આથી ઠરાવવામાં આવે છે. બાકીની દાદ નામંજુર કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) ઉપરોક્ત હુકમ મુજબનીરકમ સામાવાળાએ હુકમ તારીખથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવી.

સદર હુકમ આજરોજ તારીખ ૧૦ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(સહી)
તા.૧૦–૦૨–૨૦૨૫ — પ્રમુખ અધિકારી,
ભરૂચ. — મજુર અદાલત નં–૨, ભરૂચ

આમ, ઉપરોક્ત હુકમ એકતરફી થયેલ છે. સદર હુકમમાં સામાવાળા જે લેણાંની રકમ માંગે છે તે રકમ મેળવવા માટે હક્કદાર નથી. વળી, સંસ્થા લિક્વિડેશનમાં હોય આર.પી.આઈ. ની નિમણૂંક થયેલ છે. સામાવાળા સદર રકમ મેળવવા હક્કદાર નથી અને કાયદાકીય રીતે સદર અરજી ટકી શકે તેમ નથી તેવું અરજદાર સંસ્થા સાબિત કરી શકે તેમ છે. સદર હુકમ તા.૧૦–૦૨–૨૫ ના રોજ થયેલ હોય ઔદ્યોગિક વિવાદ

ધારાના ગુજરાત રૂલ્સ–૨૬(એ) મુજબ સદર અરજી દિન–૩૦ માં કરવી જોઈએ પરંતુ, તેઓનો વિલંબ ઈરાદાપૂર્વકનો નથી પરંતુ, તેમની સંસ્થા લિક્વીડેશનમાં હોવાથી જરૂરી કાર્યવાહી કરવાના કારણે વિલંબ થયેલ છે તથા તેઓનો સદર અરજી કરવા પાછળ કોઈ બદઈરાદો નથી અને સામાવાળાનો કાયદેસરનો હક્ક દુબે તેવો કોઈ પ્રયાસ ન હોવાથી તથા સામાવાળા માંગ્યા મુજબની કોઈ રકમ મેળવવા હક્કદાર થતાં નથી તેવો સંસ્થા પાસે પૂરતો પુરાવો છે તે માટે તથા અરજદાર સંસ્થાનો વિલંબ માફ કરવામાં ન આવે તો અરજદાર સંસ્થાને ન્યાયીક નુકશાન જાય તેમ છે આથી વિલંબ માફ કરવા વિનંતી કરેલ છે.

આમ, અરજદાર સંસ્થા વિરૂધ્ધ રીકવરી (સી–૨) અરજી નં–૧૯/૨૦૨૧ ના કામે તા.૧૦–૦૨–૨૦૨૫ ના રોજ જે એકતરફી હુકમ પસાર કરેલ છે તે એકતરફી હુકમ રદ કરી રીકવરી અરજીનું કામ ફરીફાઈલે લેવાની અરજી દાખલ કરવામાં તેઓને ૧૬૭ દિવસોનો વિલંબ થયેલ છે તે વિલંબ માફ કરવા તથા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય દાદ અપાવવા માંગણી કરેલ છે.

અરજદાર સંસ્થાએ તેમની અરજી સાથે આંક–૨ થી તેમના વકીલશ્રીનું વકીલાતનામું તથા આંક–૩ થી માર્ક–૩/૧ થી નામ. કોર્ટ તરફથી રીકવરી અરજી નં–૧૯/૨૦૨૧ ના કામમાં તા.૧૦–૦૨–૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમની નકલ રજુ કરેલ છે.

(૩) સદર અરજી દાખલ થતાં અત્રેથી આંક–૪ થી તા.૦૫–૦૮–૨૫ ના રોજ સદર કામના સામાવાળાને નોટીસ કરવામાં આવેલ.

સદર કામના સામાવાળાને નોટીસની બજવણી થતાં તેઓ તરફેના પ્રતિનિધિશ્રીએ હાજર રહી આંક–૫ થી તેઓ મુળ રેફરન્સ કામમાં સામાવાળા અરજદાર કામદાર તરફે હાજર રહી કામ ચલાવેલ હોય સદરહુ કામમાં તેઓને સામાવાળા કામદારના પ્રતિનિધિ તરીકે માન્ય ગણવા અરજ કરેલ છે. ત્યારબાદ તેઓ તરફે આંક–૬ ની અરજીથી તેઓ તરફે જવાબ રજુ

કરવા માંગતા નથી. સદર કામ યોગ્ય કોસ્ટ સાથે મંજુર કરવામાં આવે તો વાંધો નથી. તે અરજી મંજુર કરવામાં આવેલ.

(૪) આ કામે અરજદાર સંસ્થા તથા સામાવાળા તરફેના વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી સદર કામ હુકમ માટે રાખવામાં આવેલ.

(૫) મજુર કાયદો એ સામાજીક કલ્યાણનો કાયદો છે. મજુર અદાલત સમક્ષની કાર્યવાહીને સીવીલ પ્રોસીઝર કોડના પ્રબંધો ચુસ્તપણે લાગુ પડતા નથી. ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ની કલમ–૧૧(૧) માં અદાલતને પોતાને યોગ્ય લાગે તેવી કાર્યવાહી અનુસરવાની સત્તા પ્રાપ્ત થતી હોવાથી મજુર કાયદાનું ખૂબ જ હળવું અર્થઘટન કરવાનું રહે છે. સીવીલ પ્રોસીઝર કોડ અન્વયેની ટેકનીકાલીટી મજુર કાયદા અન્વયેની કાર્યવાહીમાં ચુસ્તરીતે લાગુ કરવી જોઈએ નહીં તેવું જણાઈ આવે છે.

(૬) હાલના કામે અરજદાર સંસ્થાની અરજી તથા સામાવાળાના પ્રતિનિધિશ્રી દ્વારા આંક–૬ થી રજુ કરવામાં આવેલ અરજી તથા બંને પક્ષ તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં અત્રેની કોર્ટ દ્વારા તા.૧૦–૦૨–૨૫ ના રોજ રીકવરી (સી–૨) અરજી નં–૧૯/૨૧ ના કામમાં સામાવાળાની તરફેણમાં હુકમ કરવામાં આવેલ છે. જે હુકમ વંચાણે લેતાં અરજદાર સંસ્થા તરફે કોઈ હાજર થયેલ નહીં હોવાનું તથા પોતાનો બચાવ નહીં કરી શકેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આમ, અત્રેની કોર્ટે સદર રીકવરી (સી–૨) અરજી નં–૧૯/૨૧ ના કામે અરજદાર સંસ્થાને હાજર રહેવાની પૂરતી તકો આપેલ હોવા છતાં પણ તેઓ હાજર રહેલ નહીં હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. પરંતુ, કાયદાના તથા કુદરતી ન્યાયના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં બંને પક્ષોને સુનાવણીની યોગ્ય તકો આપવી જોઈએ અને જો આવી તકો આપવામાં આવે તોજ ન્યાયનો હેતુ જળવાય તેમ છે. માટે હાલના કામે પણ અરજદાર સંસ્થાને યોગ્ય અને પૂરતી તકો મળી રહે તેવા આશયથી

રીકવરી (સી–૨) અરજી નં–૧૯/૨૧ ના કામમાં પોતાનો બચાવ કરવાની યોગ્ય તક આપવી જરૂરી જણાઈ આવે છે. જે ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયના હીતમાં ઉચિત જણાય છે.

## –:– <u>આખરી હુકમ</u> –:–

(૧) અરજદાર સંસ્થાને ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૬૬ ના નિયમ–૨૬(એ) મુજબની હાલની અરજી દાખલ કરવામાં ૧૬૭ દિવસનો વિલંબ થયેલ છે તે વિલંબ સામાવાળા કામદારને ખર્ચની રકમ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ચુકવી આપવાની શરતે મંજુર કરવામાં આવે છે.

(૨) સદર અરજીનો ખર્ચ અરજદારે જાતે ભોગવવો.

(૩) હુકમ આજરોજ તા.૦૧–૦૫–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખઃ ૦૧/૦૫/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રધુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**કામદાર વળતર ધારાના કમિશ્નર**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર